# રાજયની મોટી સહકારી બેંકો નાની બેંકોને ટેકનોલોજીમાં સહયોગ પૂરો પાડશે : મહેતા

એફઈ બ્યુરો
રાજકોટ, તા.૯

રાજયની મોટી સહકારી બેંકો નાની સહકારી બેંકોને ટેકનોલોજીમાં સહયોગ પૂરો પાડશે. આ માટેની કાર્યવાહી શરૂ થઈ ગઇ હોવાનું ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક્સ ફેડરેશનના પ્રમુખ જ્યોતીન્દ્ર મહેતાએ જણાવ્યું હતું.

પ્રાદેશિક

તેમણે કહ્યું કે સહકારી બેંકોમાં આરટીજીએસ, સીટીએસ જેવી વ્યવસ્થા અમલી બની છે. દરેક બેંકોએ તેમના ગ્રાહકોને સંતોષવા માટે કોર બેંકીંગની આધુનિક ટેકનોલોજીનો આધાર લેવો અનિવાર્ય બન્યો છે. રાજયની ઘણી સહકારી બેંકો પાંચ અથવા તેનાથી ઓછી શાખાઓ ધરાવે છે. તેમનું કાર્યક્ષેત્ર મર્યાદિત હોવાથી ડિપોઝીટ, ધિરાણ વગેરે પણ મધ્યમ કદના હોય છે. આવી બેંકોને ટેકનોલોજીનો ખર્ચ કરવો પરવડી ન શકે અને બીજી તરફ, કોર બેંકીંગ અનિવાર્ય છે. આ સંજોગોમાં ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક્સ ફેડરેશને પહેલ કરી, નાની બેંકોને ટેકનોલોજીમાં સહયોગ આપવાનું નકકી કર્યુ હતું. મોટી સહકારી બેંકોમાં ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક(એપેક્સ બેંક), રાજકોટ નાગરિક સહકારી બેંક, સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક, કાળુપુર



કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક, મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંકનો સમાવેશ થાય છે. દરેક બેંકોએ પોતાના વિસ્તારમાં આવેલી નાની સહકારી બેંકોને ટેકનોલોજીમાં સહયોગ આપવાની જવાબદારી સ્વીકારી છે. ફેડરેશને આ કામગીરીને અમ્બ્રેલા નામ આપ્યું છે. દરેક મોટી બેંકોની સાથે જે તે વિસ્તારની છ થી સાત બેંકો પહેલા તબક્કામાં જોડાઇ છે. રાજકોટ નાગરિક સહકારી બેંક સાથે છ બેંકો સામેલ થઇ છે. આ પગલાંથી નાની સહકારી બેંકો ખર્ચના બોજમાંથી બચીને ગ્રાહકોને પૂરતી સેવા આપી શકી છે. મહેતાએ કહ્યું કે સહકારી ક્ષેત્રની કામગીરી ફક્ત નફો કરવાની નહીં, પણ અન્યને શક્ય તેટલી મદદરૂપ બનવાની છે. હજી કેટલીક સહકારી બેંકો અમ્બ્રેલા નીચે આવનાર છે.